શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૩
અંક : ૯

## ખરીફ સિઝન - ૨૦૨૧

ખેડૂતો જમીનની માવજત અને બિયારણની પસંદગીમાં વ્યસ્ત હતા એવા વખતે આપણાં ચારેય કલસ્ટરમાં વાવાઝોડું ત્રાટક્યું જેમાં ખાંભા, ટીંબી અને ધોકડવા કલસ્ટરના ખેડૂતોને મહતમ અસર થઈ. બાગાયતી ખેતી સાથે સંકળાયેલા તમામ ખેડૂતો પાયમાલ થયા. હજુ સમજ પડતી નથી કે વર્ષોની મહેનત જે બરબાદ થઈ છે તેને ફરીવાર રાબેતા મુજબ કેમ કરવી ? બાગાયત સિવાયની ખરીફ પાકો માટે તૈયારી કરી રહેલા ખેડૂતો પણ ખૂબ જ મુશ્કેલીમાં મુકાયા. પોતાના ઘર, છાપરાં વિગેરેનાં પુનઃ નિર્માણમાં લાગી ગયા પણ પાણી અને વીજળીની સગવડના અભાવે તેઓને તે કરવામાં ખુબ જ કઠીનતા અનુભવી અને ખરીફની તૈયારી પર અસર થઈ.

આમ, તમામ સ્થિતિઓ વચ્ચે ખેડૂતોએ શરૂઆતના અનિયમિત વરસાદ છતાં જેમ તેમ વાવણી કરી. વરસાદ ખેંચાના મગફળીમાં સુયા મુકવાની અવસ્થાએ પાણી આપવાની જરૂર જણાઈ પણ એ વખતે ખેતીવાડીના વીજ જોડાણો રીસ્ટોર થયા ન હતા. કુવા અને દારમાં પાણી હોવા છતાં તે પાઈ શકયા નહી. ઘણાં ખેડૂતોએ જનરેટર ભાડે લઈ પાણી પાવાનો પ્રયાસ કર્યો પણ તે તેમને વધેલા ફયુઅલના ભાવોના કારણે તે પ્રયાસ ખુબ મોંઘો પડયો.

ખરીફના બીજા તબક્કામાં છેલ્લા એક માસથી સતત વરસાદ શરૂ છે. સૌરાષ્ટ્રના મોટાભાગના જીલ્લાઓમાં જળબંબાકાર થયો. ખુબ જ નુકશાની થઈ તેમાં પણ મોટાભાગની નુકશાની ખેડૂતોને ભાગે આવી. ચોમાસાની આ સીઝન તમામ લોકો માટે મુશ્કેલ બની.

ઉપરોકત તમામ પરિસ્થિતિનો સામનો કરવા છતાં ખેડૂતો ખૂબ જ પેશન સાથે પોતાનું કામ કરી રહયા છે. દરેક પાકમાં તે ધાર્યુ ઉત્પાદન મેળવવા શકય પ્રયાસો હાથ ધરે છે. સંસ્થાની ટીમ પણ હંમેશા ખેડૂતોને તેની મુશ્કેલીવાળી દરેક પરિસ્થિતિનો સામનો કરવામાં મદદરૂપ થઈ રહી છે.

– ધીરજ વાગડીયા

**જીંદગી એક રમત છે જાતે જ નક્કી કરી લો ખીલાડી બનવું કે રમકડું.**

**આધુનિક સમયમાં પણ જોવા મળેલ ગ્રામ્ય વિસ્તારની કપરી પરિસ્થિતિ.**

ટેકનોલોજીના પવન વેગે પ્રસરતા ઝડપી સમયે જયારે માણસ પાસે ત્રીસ મીનીટનો સમય મળવો મુશ્કેલ છે ત્યારે ખાંભાથી ૧૯ કિલોમીટર દુર આવેલું ભાણીયા ગામ. ૧૫૦૦ લોકોની વસ્તી ધરાવતું મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારિત નાનકડું ગામ.

**થોડા સમય પહેલાની વાત...**

ગામના એક મહિલાને ડીલીવરીના અચાનક દુઃખાવાથી એમ્બ્યુલન્સ માટે સંપર્ક કરવામાં આવ્યો પણ નેટવર્કના લીધે સંપર્ક શકય ના બન્યો. જેમ તેમ કરીને મુશ્કેલીથી સંપર્ક કરવામાં આવ્યો પરંતુ જંગલ વિસ્તાર આવતો હોવાથી રસ્તાઓ પાકા બની શકતા નથી તેથી ચોમાસાની સિઝનમાં કાચા રસ્તામાં ખુબ કીચડ થવાથી વાહન વ્યવસ્થા થઈ શકી નહી. ગામલોકોએ એકત્ર થઈ ભારે વાહન ટ્રેકટર અને લારી દ્વારા મહિલાને સલામત હોસ્પિટલ પહોંચાડી શકયા.

**જો જરૂરિયાત અને વિકાસ બાબતે વાત કરીએ આ ગામની તો...**

ગામના બાળકો પ્રાથમિક શાળામાં ધોરણ આઠ સુધી અભ્યાસ કરી શકે છે અને શાળા ની છત પરથી જમીનમાં ભૂગર્ભ ટાંકામાં પાણી સંગ્રહિત કરી શકાય તેવી વ્યવસ્થા શાળા કમિટી અને ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવી છે. જયારે ૩ વર્ષ પહેલા આશરે ૨૦૦૦ મીટર દુરથી પાણી લાવવામાં આવતું.

શિક્ષણ, આરોગ્ય, બાયોગેસ, સોલાર, ટ્રાન્સપોર્ટેશન, વીજળી અને નેટવર્ક કનેકશન બાબતે આ વિસ્તાર અન્ય વિસ્તારોની સરખામણીએ વંચીત ગણી શકાય.

**ગામ લોકો પાસેથી સાંભળવામાં આવ્યું કે...**

''જો શકય હોય તો અમે એક નહી પણ પુરું ગામ સ્થળાંતરીત થઈ જઈએ તો અમને પ્રાથમિક સુવિધાઓ મળી શકે અને અમારા દીકરાઓ આગળ અભ્યાસ કરી શકે. હાલ અમે વનવાસી જેવું જીવન જીવવાની અનુભૂતી કરી રહયા છીએ.''

જો કોઈ બાળક ધોરણ આઠ પછી વધારે અભ્યાસ કરવા માંગે તો ગામથી દુર ખાંભા અથવા અન્ય શહેર તરફ જવું પડે છે. ગામમાંથી અપડાઉન કરવા ઈચ્છતા બાળકો માટે પોતાના ખાનગી વાહનનો ઉપયોગ કરવો પડે છે કેમ કે સ્કુલ બસ અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધાનો અહી અભાવ છે.

– અવંતિકા તંતી

**મુંજવણ સાથે દોડવા કરતાં આત્મવિશ્વાસ સાથે ચાલવું વધારે સારૂં.**

**પોષણમાસની ઉજવણી :** તા.૧૬/૦૯/૨૦૨૧નાં રોજ અમરાપરા ખાતે આંગણવાડી કેન્દ્રમાં અમરેલી ચાઈલ્ડલાઈન ટીમ દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી, જેમાં ચાઈલ્ડલાઈન ટીમ, આંગણવાડી વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, કિશોરી બહેનો અને બાળકોએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ સંસ્થા અને ચાઈલ્ડલાઈનની માહીતી આપવામાં આવી. જેમાં ચાઈલ્ડલાઈન ટીમ મેમ્બર ભાવિકાબેન ત્રિવેદી દ્વારા જણાવવામાં આવ્યું કે ચાઈલ્ડલાઈન આઉટરીચ મારફત બાળકોની સંભાળ અને સુરક્ષા માટે ચાલતો રાષ્ટ્રીય કાર્યક્રમ છે, જે ૨૪ કલાક માટે ટોલ ફ્રી ૧૦૯૮નાં માધ્યમથી ચાલે છે. જે મુશ્કેલીમાં મુકાયેલા બાળકો જેવા કે ખોવાઈ ગયેલ, ઘરેથી ભાગી ગયેલ, ભીખ માંગતા, અનાથ બાળકો, ત્યજાયેલા બાળકો, કાળજી અને રક્ષણની જરૂરીયાત ધરાવતા તમામ બાળકો પર ચાઈલ્ડલાઈન કામ કરે છે અને કિશોરીઓને ગુડ ટચ, બેડ ટચ વિશે સમજાવવામાં આવ્યું અને દરેક કિશોરીઓને જણાવવામાં આવ્યું કે ૨૪ કલાકમાં ગમે ત્યારે મુશ્કેલીમાં હોય તો ચાઈલ્ડલાઈન ૧૦૯૮નો સંપર્ક કરવો.

વિલાસબેન આંગણવાડી વર્કર દ્વારા કુપોષણ વિશે સામાન્ય માહીતી આપવામાં આવી. દરેક કિશોરી બહેનોએ પોષણ યુકત આહાર જેમ કે, શીરો, ઢોકળા, થેપલા, સુખડી વગેરે જેવી વાનગીઓ બનાવવામાં આવી હતી તેના પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. હર્ષાબેન સુપર વાઈઝરે જણાવ્યું કે કુપોષણના મુખ્યત્વે ૩ પ્રકાર હોય છે, કેલરીનું કુપોષણ, પ્રોટીનનું કુપોષણ અને ફેટનું કુપોષણ.

– હિરલ ડોડીયા



**કણ અને ક્ષણની જેને કિંમત હોય છે તેને મણ જેટલું સુખ મળે છે.**

## સજજતા સંઘ અને એનસીએનએફ મીટીંગ રીપોર્ટ

**તારીખ :** ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૧ અમદાવાદ

સજજતા સંઘ અને NCNF એ WGWLO ની મદદથી ગુજરાતમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા સહયોગ કર્યો છે. ખેડૂતોને કુદરતી ખેતી તરફ લઈ જવા માટે તેની રણનીતી નક્કી કરવા માટે આ મીટીંગ અમદાવાદ DSC ખાતે યોજવામાં આવી.

**વિવિધ કાર્યો અને રાજયોમાં NCNF પર કામ :** NCNF માંથી આવેલ સાજેશ ગુપ્તા, પ્રિયા અગ્રવાલ અને અવિષા દ્વારા જણાવ્યું કે NCNF ખેડૂતોની સામૂહિક, એનજીઓ, મહિલા ખેડૂત, ગ્રાસરૂટ સંગઠનો સાથે મળીને કુદરતી ખેતી કરવા માટે ખેડૂતોની ક્ષમતા વધારવા માટે તેમજ સપોર્ટ ઈકોસિસ્ટમ બનાવીને મહિલા ખેડૂતોને વધુ નેતૃત્વની ભૂમિકાઓ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

**ગઠબંધન (સજજતા સંઘ & NCNF & WGWLO) તરફથી ભાગીદારના પડકારો અને જરૂરિયાતોને સમજવી :** ખેડૂતો પોતાના સ્વાસ્થ્યને લઈને કુદરતી ખેતી કરવા તો માંગે છે પરંતુ આજના સમયમાં જંતુનાશક દવા અને ખાતરો દ્વારા સંપૂર્ણ કુદરતી ખેતી કરવી મેશ્કેલ છે. જો કુદરતી ખેતી તરફ ખેડૂતો વળે તો એક વર્ષમાં તેનું ઉત્પાદન નથી મળી શકતું.

કુદરતી ખેતી કરવાના પડકારો સામે જો સરકારી કચેરીઓ તરફથી જો ખેડૂતને સહાય મળે તો ઘણા ખેડૂતો આ તરફ આવી શકે તેમ છે. તો દહદા સરકારી કચેરી તેમજ સરકારી પ્રોજેકટને



**સાચા ખોટાની બધી જ ખબર હોવા છતાં સંબંધ સાચવવો એ જ સંસ્કાર..**

સાથે રાખવા માટે સમર્થન આપશે.

**સજ્જતા સંઘની ભૂમિકા :** સજ્જતા સંઘનું પ્રાથમિક લક્ષ્ય કુદરતી સંસાધનની ઉત્પાદકતા વધારવાનું છે, સંઘ એનજીઓ વચ્ચે નેટવર્કિંગ, પરસ્પર શિક્ષણ દ્વારા ક્ષમતા નિર્માણ, ક્રિયા સંશોધન હાથ ધરીને કેટલાક ચોક્કસ ઉદ્દેશો હાથ ધરવા. કુદરતી સંસાધન વિકાસ કાર્યક્રમો માટે સભ્ય સંસ્થાઓની તકનીકી, સંસ્થાકીય અને સંચાલકીય ક્ષમતાને મજબૂત કરવા પ્રોત્સાહન કરવા.

**બજાર જોડાણ માટે સજ્જતા સંઘના સભ્યો દ્વારા રચાયેલી એફપીઓને સામેલ કરવી.**

**સરકારનો સંપર્ક કરવાની વ્યૂહરચના :** સરકાર દ્વારા ચલાવવામાં આવતા પ્રોજેક્ટ જેવા કે આત્મા, એફટીસી, નીકરા પ્રોજેક્ટ વગેરે સાથે લીન્કેઝીજ કરીને કામ કરવું વધુ અસરકારક નીવડી શકે તેમ છે.

**આગળનાં પગલાં અને યોજનાઓ :** NCNF માંથી આવેલ સાજેશ ગુપ્તા, પ્રિયા અગ્રવાલ અને અવિષા જૈન મધ્ય ગુજરાતમાં આ મહિને વિઝીટ કરશે. તેમજ આ ગઠબંધન માટે કેવી પોલીસી હોવી જોઈએ તે ઉપર ચર્ચા કરી. તથા આગળ શું કામગીરી કરવી તે માટે ફરી મીટીંગ બોલાવવામાં આવશે.

**– શ્રધ્ધા કથીરીયા**



**જે બદલાવ તમે દુનિયામાં જોવા માંગો છો તેની શરૂઆત આપણાથી કરવી.**

## આવી રહેલી રવિ સીઝનમાં ચણાની ખેતી

આજકાલ ગાય આધારિત ખેતી, ઝીરો બજેટ ખેતી, સજીવ ખેતી, પ્રાકૃતિક ખેતીની ખુબજ ચર્ચા થાય છે. પર્યાવરણ, ખેતીની જમીનની માટીની ગુણવત્તા તથા લોકોના આરોગ્યની ચિંતાઓને લઈ ઘણાં લોકો પરંપરાગત ખેતી તરફ જવા આગ્રહ રાખી રહયા છે. પરંતુ છેલ્લા વર્ષોમાં ખેતી પધ્ધતિઓ જે બદલાઈ છે તેમાં ફેરફાર ઝડપથી કરવો શકય નથી તેમજ ઘણાં ખેડુતો તેના ઉત્પાદનને લઈને આશંકિત છે ત્યારે ઘણાં ખેડુતોએ પરંપરાગત ખેતી તરફ જવાના પ્રયાસો કરી રહયા છે.

ચણાની ખેતી પ્રાકૃતિક ખેતી ગણી શકાય પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી તેમાં નવીનતા અને વધુ ઉત્પાદનના સંદર્ભે થયેલા પ્રયોગોના આધારે જે ભલામણ કરવામાં આવે છે તે હું આપની સમક્ષ રાખું છુ. તમારી જમીન અને આબોહવાને ઘ્યાનમાં રાખી જરૂરી ઉપાયો યોજવા વિનંતી છે.

ચણાને વાવણી વખતે એક જ ડોઝ ખાતરનો આપવો. પાયાના ખાતર તરીકે હેકટરે ૨૦ કિલો નાઈટ્રોજન, ૪૦ કિલો ફોસ્ફરસ અને ૨૦ કિલો ગંધક વાવણી પહેલાં ચાસમાં આપવો. ચણાના મૂળમાં રાઈઝોબિયમ જીવાણુંની પ્રવૃતિ ૨૧ દિવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતે જ હવાનો નાઈટ્રોજન વાપરવાની શકિત મેળવી લે છે. ચણાને આ કારણથી પૂર્તિખાતરની જરૂર નથી. ઘણા ખેડૂતો પિયત ચણામાં પૂર્તિખાતર તરીકે યુરીયા આપે છે. જેથી ખોટો ખર્ચ થાય છે. ઉપરાંત તેનાથી નુકશાન થાય છે. આ વધારાનુ ં નાઈટ્રોજન આપવાથી છોડની વધુ પડતી વનસ્પતિક વૃધ્ધિ થાય છે. આવા છોડમાં ફૂલો પણ મોડાં બેસે છે. તેથી ચણામાં પૂર્તિ ખાતર કયારેય ન આપવું. જૂનાગઢ કૃષિ યુર્નિવસીટી દ્વારા ચણાના પાક ઉપર ખેડૂતોના ખેતર પર ગોઠવેલા નિદર્શનોના પરીણામો એવુ ં બતાવે છે કે ચણામાં ફૂલ અવસ્થાએ તથા પોપટામાં દાણા બંધાતી વખતે ૨ % યુરીયાનો છંટકાવ કરવામાં આવે તો બિનપિયત વિસ્તારમાં ઉત્પાદન ૮ થી ૧૦ ટકા વધે છે.

ઘેડ અને ભાલ ઉપરાંત ચરોતરની કયારી જમીનમાં ચોમાસા બાદ જે ભેજ સંગ્રહાયેલો હોય છે, તેનો ઉપયોગ કરીને જ બિનપિયત ચણા લેવામાં આવે છે. આમ છતાં જયાં પાણીની સગવડ હોય ત્યાં પિયત આપવાથી ઉત્પાદન ખૂબ વધારે મળે છે. પિયત વિસ્તારમાં ઓરવાણ કરીને ચણા વાવ્યા પછી પહેલું પાણી આપવું. આ પછી ડાળી ફુટવાના સમયે એટલે કે ૨૦ દિવસો પછી બીજું

પાણી આપવું. ત્રીજું પાણી ૪૦ થી ૪૫ દિવસે ફૂલ બેસતી વખતે અને ચોથું પાણી ૬૦ થી ૭૦ દિવસે પોપટા બેસતી વખતે આપવું. આમ ચણામાં ડાળી ફૂટતી વખતે, ફૂલ અને પોપટા બેસતી વખતે એમ ત્રણ કટોકટીની અવસ્થાએ પિયતની ખાસ જરૂરિયાત હોય છે. આ સમયે પાણી આપવાથી પાણીનો યોગ્ય ઉપયોગ અને આર્થિક ફાયદો થાય છે. ખુબજ ટુકા ગાળે પિયત આપવાથી છોડની વાનસ્પતિક વૃધ્ધી વધુ થાય છે અને ફુલ તથા પોપટા મોડા આવે છે અને સરવાળે ઉત્પાદન ઓછુ આવે છે.

જરૂર મુજબ આંતરખેડ અને નિંદણથી ખેતર ચોખ્ખું રાખવું. આ રીત સૌથી ફાયદાકારક માલુમ પડે છે, જો પિયત ચણામાં હાથ નિંદામણથી પહોચી શકાય તેમ ન હોય તો વાવેતર બાદ તુરત એટલે કે ચણા ઉગતા પહેલાં પેન્ડીમીથાલીન (સ્ટોમ્પ ૧૦ લીટર પાણીમાં ૫૫ મી.લી.) નામની દવા હેકટરે એક કિલો (સક્રિયતત્વ) મુજબ ૫૦૦ થી ૬૦૦ લીટર પાણીમાં ભેળવી છાંટવાથી નિંદણનું સારૂં નિયંત્રણ થાય છે.

બીજ અને જમીન બન્ને મારફત ફેલાતા આ રોગ પાકની કોઈ પણ અવસ્થા દરમ્યાન જોવા મળે છે. પાકની શરૂઆતમાં કે પાછલી અવસ્થાએ છોડ ઉભા સુકાય છે. થડ ચીરતા ઉભી કાળી – કથ્થાઈ લીટીઓ જોવા મળે છે. સુકારો (વીલ્ટ) રોગ આવતો અટકાવવા માટે રોગ સામે પ્રતિકાર ધરાવતી જાતનું રોગમુકત બિયારણ વાવવું. વાવતા પહેલા બીજને ફૂગનાશક દવાનો પટ આપવો. ચણા પછી બાજરી કે જુવારની પાક ફેરબદલી અને દિવેલાનો ખોળ હેકટરે એક ટન આપવાથી આ રોગની તીવ્રતા ઘટે છે. જમીનમાં રહેલી ફૂગનો નાશ ન થાય ત્યાં સુધી આ રોગ નાબુદ કરવો મુશ્કેલ હોવાથી એક ને એક ખેતરમાં દર વર્ષે ચણા ન લેતાં જમીન ફેરબદલી કરવી હિતાવહ છે.

સ્ટન્ટ વાયરસનો ફેલાવો એફીડ એટલે કે મોલો–મશી નામની જીવાતથી થાય છે. ગુજરાતમાં આ રોગનું પ્રમાણ વધતું જાય છે. ઠંડી ઓછી પડે તો આ રોગ જોર પકડે છે. પાન તાંબાવરણા અને જાડાં થાય છે. ડાળી ઓ અને છોડ ટૂંકા થઈ જાય છે. ફાલ બેસતો નથી કે ઓછો બેસે છે. છોડ નબળો પડવાથી સુકારાનો ભોગ બની જાય છે. આ રોગને કાબુમાં રાખવા માટે તેનો ફેલાવો કરતા વાહક મોલો–મશીનું નિયંત્રણ કરવુ પડે છે. બીવેરીયા બાસીયાના ૮૦ ગ્રામ પ્રતિપંપ અને નીમ ઓઈલ ૧૫૦૦ PPM ૫૦ ML પ્રતિપંપ મુજબ છંટકાવ કરવાથી ચૂસીયા જીવાતનું નિયંત્રણ મળે છે.

– શ્રધ્ધા કથીરીયા

**સાંભળી લેવાની અને સંભાળી લેવાની કળા જાણનાર જ સફળતા પામે છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Varsha Kumbhar | 04/10/1992 |
| Renish Khetani | 10/10/1999 |
| Bechar Savara | 14/10/1986 |
| Manali Pitroda | 17/10/1995 |
| Hardik Bhevaliya | 21/10/1988 |

## In this month

| | |
|---|---|
| 3 | Byer sellers meet for FPO person by eFresh and Samummati. |
| 7 | SSKK - HESPL Spoc Introduction. |
| 17 & 22 | Poshan mah celebration, Amrapara, Babra. |
| 18 | NCNF partners meet at Sajjata Sangh. |
| 24 | SMC/PRI training at Bhiladi, Tal. Babra. |

**પ્રિય વાચક મિત્રો,**
આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**‘‘ભાગ્ય લઈને આવવાનું અને કર્મ લઈને જવાનો એક નાનો સફર એટલે જીંદગી’’**